# અદાણી ઇલેક્ટ્રિસિટીની ઈએમઆઇ સ્કીમ લંબાવાઈ

મુંબઈ : (મિડ-ડે પ્રતિનિધિ) તળ મુંબઈમાં વીજળી પૂરી પાડતી અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈ કંપનીએ લૉકડાઉનના સમયમાં આર્થિક મુશ્કેલી અનુભવતા ગ્રાહકો માટે વ્યાજરહિત હપ્તેથી એટલે કે ઈએમઆઈથી વીજળીના બિલ ભરવાની સુવિધા આપી હતી, જે ૨૩ ઑક્ટોબર એટલે કે ગઈ કાલે પૂરી થઈ ગઈ હતી. જોકે હજી પણ લોકોને એકસાથે બિલ ભરવામાં મુશ્કેલી થઈ રહી હોવાનું ધ્યાનમાં આવતા કંપનીએ આ સુવિધા ૩૦ ઑક્ટોબર સુધી લંબાવી હોવાનું અખબારી યાદીમાં જણાવ્યું હતું.

અખબારી યાદીમાં અદાણી ઈલેક્ટ્રિસિટી કંપની મુંબઈ લિમિટેડ કંપનીના એમડી અને સીઈઓ કંદર્પ પટેલે જણાવ્યું હતું કે અત્યારની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમે અમારા ગ્રાહકોને મહત્તમ સુવિધા મળે એ માટે આ મહિના માટે જ વ્યાજમુક્ત ઈએમઆઈની સુવિધાનો વિકલ્પ રજૂ કર્યો છે. અગાઉ જાહેર કરાયેલી આ સુવિધામાં ગ્રાહકોનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યા બાદ અમે અત્યારની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નિર્ણય લીધો છે.

અદાણી ઈલેક્ટ્રિસિટી કંપનીના ઈએમઆઈથી બિલ ભરવા માગતા કસ્ટમરોએ આ સુવિધા માટે કંપનીની www.adanielectricity.comમાં જઈને ક્વિક પે ઑપ્શન/AEML એપ/કિઓસ્ક/19122, 24x7 હેલ્પલાઈન નંબર મારફતે અથવા એઈએમએલના વિતરણ વિસ્તારમાં ફેલાયેલા કસ્ટમર કેર સેન્ટરની મુલાકાત લેવાની રહેશે. બિલ સંબંધી ઝડપી ફરિયાદ નિવારણ માટે ૨૪/૭ હેલ્પલાઈન નંબર પર ફોન કરી શકાય છે.